# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

# DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 162 મૃતકના DNA નમૂના મૅચ થયા છે. જ્યારે 100 થી વધુ પાર્થિવ શરીર મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે DNA સેમ્પલ લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. ઘટનામાં બી.જે મેડિકલ કોલેજના 4 ડોક્ટરો મૃત્યુ પામ્યા છે.

(બાઇટ: ડૉ.રાકેશ જોશી, સિવિલ હોસ્પિટલ)

શ્રી જોશીએ જિલ્લા દીઠ સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો આપતા જણાવ્યું કે વડોદરાના 13 , અમદાવાદના 30 , આણંદના 9 , ભરૂચના 4 , ગાંધીનગરના 5, મહેસાણાના 5, ખેડાના 10, સુરતના 3, અરવલ્લીના 2, દીવના 4 તથા બોટાદ, જુનાગઢ, અમરેલી, મહીસાગર, ભાવનગર, ગીર સોમનાથ, નડિયાદ અને રાજકોટના 1-1 તેમજ અન્ય રાજ્યોમાં ઉદેપુરના 2 , જોધપુરના 1, પટનાના 1 અને મહારાષ્ટ્રના 4 મૃતકોના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# GUJARAT RAIN

છેલ્લા બે દિવસથી રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. આજે 116 તાલુકામાં વરસાદ નોંધાયો છે. બોટાદના બરવાળામાં આજે 5 ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે ભાવનગરના ઉમરાળામાં સાડા ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ સિવાય રાજ્યના 11 તાલુકામાં 2 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

ભારે વરસાદને પગલે ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ 100 ટકા ભરાયો છે. જેથી પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરાયા છે. દરમિયાન મોરબીનો મચ્છુ-3 ડેમનો દરવાજો ખોલવામાં આવતા મોરબીના 13 અને માળિયાના 8 ગામોને એલર્ટ કરાયા છે.

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના નાયકા ડેમના 10 દરવાજા 4 ફૂટ ખોલાતા ગૌતમગઢ, ફૂકડા, ગોદાવરી, શેખપર, ખમીસણા ગામના લોકોને નદીના પટમાં અવર-જવર ન કરવા તથા સાવચેત રહેવા તાકીદ કરવામાં આવે છે. ચુડા ગામ પાસે આવેલો વાંસલ ડેમ પણ 80 ટકા ભરાયો છે. જ્યારે ધોળીધજા ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં આવતા ગામોના લોકોને અવર-જવર ન કરવા અને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે.

ભારે વરસાદને કારણે બોટાદ જિલ્લાના બરવાળામાં ઉતાવળી નદી પરનો પુલ પર એક તરફનો વાહન વ્યવહાર બંધ કરાયો છે.

દરમિયાન, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ગુંદા , સાજડિયારી, કાલાવડ, કંટોલીયા, ગુંદલા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

. . . . . . . . . . . . .

# BILIMORA AMBIKA RIVER

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે બીલીમોરાની અંબિકા નદી ઉપર દેવધા ડેમના તમામ 40 દરવાજા ખોલી દેવાયા હતા. જેને કારણે નદીના હેઠવાસનાં 7 ગામ દેવધા, તોરણગામ, ધમડાછા, વલોટી, ભાઠા, અજરાઈ અને દેવસરને એલર્ટ કરાયા હતા. પ્રસ્તુત છે નવસારીના અમારા પ્રતિનિધિનો અહેવાલ

## વોઇસ કાસ્ટ – અશોક પટેલ , નવસારી

……………………………………

# NDRF DEPLOYMENT

રાજ્યમાં વરસાદની સ્થિતિને લઈને વિવિધ જગ્યાઓ પર રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દળ- NDRF 5 ટુકડી તહેનાત કરવામાં આવી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે રાજકોટ ખાતે 2 , ભાવનગર, બોટાદ, કચ્છ અને ગાંધીનગર એક-એક ટુકડી તહેનાત રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BY ELECTION

મહેસાણા જિલ્લાની કડી તથા જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આજે સાંજે 6 વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર બંધ થઈ જશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આજે સાંજે 6 કલાકથી એટલે કે મતદાન પૂર્ણ થવાના કલાક પૂર્વેના છેલ્લા 48 કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે. જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા , પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્ર તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા ખાતરી કરવામાં આવશે. આ સમયગાળામાં પ્રચાર-પ્રસાર પર પ્રતિબંધ ઉપરાંત કલ્યાણ મંડપો , સામુદાયિક હૉલ, સમાજની વાડીઓ વગેરે મકાનની હદમાં , હૉસ્ટેલ્સ તથા ધર્મશાળાઓમાં બંને મતવિસ્તાર સિવાયની બહારની વ્યક્તિઓ ન રહે તે સુનિશ્ચિત કરાશે.

ઉલ્લેખનીય છે કે આ બંને બેઠકો પર 19 જૂને મતદાન થશે જ્યારે 23 જૂને મત ગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH LOCAL ELECTION

ગીર સોમનાથનાં કોડીનાર તાલુકામાં 37 ગ્રામ પંચાયતોની ચૂંટણી 22મીએ યોજાશે.

ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર કટિબદ્ધ હોવાનું તાલુકા મામલતદાર અને ચૂંટણી અધિકારી ડી.જી વરમોરાએ જણાવ્યું હતું..

## બાઈટ-ડી.જી. વરમોરા,ચૂંટણી અધિકારી

.......................................

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)